તા: ૧૧/૦૪/૨૦૧૯

## ફાયનાન્સ કમિટીની બેઠકની કાર્યવાહીની નોંધ

આજ રોજ તા: ૧૧/૦૪/૨૦૧૯ના રોજ આઇ.આઇ.ટી.ઇ. ખાતે માનનીય કુલપતિશ્રીની અધ્યક્ષતામાં ફાયનાન્સ કમિટીની એક બેઠકનું આયોજન કરવામાં આવેલ, જેમાં નીચે મુજબનાં સભ્ય હાજર રહેલ.

| | | |
|---|---|---|
| ૧) | ડૉ. હર્ષદ પટેલ, કુલપતિશ્રી | અધ્યક્ષ |
| ૨) | શ્રી યમલ વ્યાસ | સભ્ય |
| ૩) | શ્રી જૈનીક વકીલ | સભ્ય |
| ૪) | ડૉ. એમ. ડી. મકવાણા, ઇ. રજીસ્ટાર | સભ્ય |
| ૫) | ડૉ. શીતલ હૈલેયા, ઇ. ચીફ એકાઉન્ટ ઓફીસર | સભ્ય |

ફાયનાન્સ કમિટીનાં પુન:ગઠન બાદની આ પ્રથમ બેઠક હોવાથી માનનીય કુલપતિશ્રી દ્વારા નવનિયુક્ત સભ્યો શ્રી યમલ વ્યાસ અને શ્રી જૈનીક વકીલનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ ફાયનાન્સ કમિટીની બેઠકની કાર્યવાહી શરૂ કરવામાં આવી.

**ઠરાવ નં. ૧ : આઈ.આઈ.ટી.ઈ. ખાતેનાં જુદાજુદા અભ્યાસક્રમોની પરીક્ષા ફી બાબતે વિચારણા કરવા અંગે.**

આઇ.આઇ.ટી.ઇ. ખાતે ચાલતા જુદાજુદા અભ્યાસક્રમો માટે તા: ૦૮/૧૦/૨૦૧૩ની પરીક્ષા કમિટીની બેઠકમાં પરીક્ષા ફી નિર્ધારણ કરવામાં આવેલ, જેનો અમલ કરવામાં આવેલ ન હતો. તાજેતરમાં એપ્રિલ/મે- ૨૦૧૯ની પરીક્ષામાં આ પરીક્ષા ફીનો અમલ કરવાનું નક્કી કરવામાં આવેલ. આ અંગે વિધાર્થીઓની રજૂઆત આવતા તા: ૧૧/૦૪/૨૦૧૯નાં રોજ પરીક્ષા કમિટીની એક બેઠકનું આયોજન કરવામાં આવેલ. આ બેઠકની કાર્યવાહીની નોંધ સભા સમયે વંચાણે લેવામાં આવી. ચર્ચાનાં અંતે પરીક્ષા કમિટીની આ બેઠકમાં ચર્ચા થયા મુજબ અને કમિટી દ્વારા ભલામણ કરવામાં આવેલ પરીક્ષા ફીનું માળખું અમલ કરવાની મંજુરી આપવામાં આવી. વધુમાં આ પરીક્ષા ફીનું ધોરણ માત્ર એપ્રીલ/મે-૨૦૧૯ માં લેવાનાર વિવિધ અભ્યાસક્રમોની પરીક્ષા માટે લાગુ પડશે.

**ઠરાવ નં. ૨ : એ. જી. ઓફીસ રાજકોટ દ્વારા કરવામાં આવેલ વર્ષ ૨૦૧૩ થી ૨૦૧૬ સુધીના ઓફીટ અહેવાલના પારાઓની પૂર્તતા કરવા બાબતે આવેલ પત્ર અંગે.**

એ. જી. ઓફીસ, રાજકોટ દ્વારા આઇ.આઇ.ટી.ઇ.નું વર્ષ ૨૦૧૩ થી ૨૦૧૬ સુધીનું ઓડીટ કરવામાં આવેલ. આ સંદર્ભમાં ઉચ્ચ શિક્ષણ કમીશ્નરની કચેરી તરફથી પત્ર આવેલ છે, જેમાં આ ઓડીટ અહેવાલમાં આપેલ પારાઓની પૂર્તતા કરવા બાબતે જણાવેલ છે.

ઉપરોકત વિગતે આવેલ પત્ર વંચાણે લેવામાં આવ્યો. ચર્ચાના અંતે એમ નકકી કરવામાં આવ્યુ કે વહેલી તકે ઓડીટ અહેવાલના પારાઓની પૂર્તતા કરવી. વધુમાં આ પત્રમાં આઇ.આઇ.ટી.ઇ.ને લગત જે પારાઓ દર્શાવ્યા છે, તેમાં મહત્તમ પારાઓ યુનિવર્સિટીની નાણાકીય બાબતોને લગતા છે. આ બાબતની ગંભીરતાને ધ્યાને લઇને પત્રમાં દર્શાવેલ મુદ્દા નં. ૩, ૪, ૭, ૮ અને ૯ ને ધ્યાને લઇને એમ નકકી કરવામાં આવ્યુ કે ફાઇનાન્સ કમિટી ૨૦૧૬ બાદથી આજ સુધીના વર્ષોનું, એટલે કે ૨૦૧૬-૧૭, ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯નું, નાણાકીય ઓડીટ કરાવી તેનો અહેવાલ તૈયાર કરી રજૂ કરે. આ



Scanned with CamScanner

કામગીરીમાં જરુર જણાયે આ નાણાકીય ઓડીટના સમયગાળામાં નાણાકીય બાબતો સાથે સંકળાયેલ સત્તાધિકારીઓ અને અધિકારીઓ સાથે પણ પરામર્શ કરી શકશે. આ અહેવાલના આધારે યુનિવર્સિટી આગામી સમયમાં હાથ ધરાનાર એ. જી. ઓડીટના સંદર્ભમાં કાર્યવાહી કરી શકે અને ઓડીટ સમયે યોગ્ય રજૂઆત કરી શકે.

**ઠરાવ નં. ૩ : યુનિવર્સિટી ખાતે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે સ્ટેટ્યુટરી ઓડીટરની નિમણૂંક કરવા અંગે.**

યુનિવર્સિટી ખાતે નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે સ્ટેટ્યુટરી ઓડીટર તરીકે ધીરુભાઇ શાહ એન્ડ કંપનીની નિમણૂંક કરવામાં આવેલ છે. આગામી નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે સ્ટેટ્યુટરી ઓડીટરની નિમણૂંક કરવાની રહે છે. ચર્ચાના અંતે એમ નક્કી કરવામાં આવ્યુ કે આગામી નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે સ્ટેટ્યુટરી ઓડીટરની નિમણૂંક કરવા માટે નિયત કાર્યવાહી હાથ ધરવી.

**ઠરાવ નં. ૪ : યુનિવર્સિટી ખાતે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે આંતરિક ઓડીટર તથા ફાઇનાન્સલ કન્સલ્ટન્ટની નિમણૂંક કરવા અંગે.**

યુનિવર્સિટી ખાતે ચીફ એકાઉન્ટ ઓફીસર અને ઓડીટરની વર્ગ-૨ની જગ્યાઓ ગુજરાત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલ છે. અગાઉના સમયમાં આ જગ્યાઓ ભરવા માટે પ્રયત્નો કરવામાં આવેલ છે, પરંતુ તે ભરી શકાયેલ નથી. આ સંજોગોમાં યુનિવર્સિટી ખાતે ચીફ એકાઉન્ટ ઓફીસર તરીકે અન્ય કોઇ અધિકારીને વધારાનો ચાર્જ સોંપીને કામગીરી કરવામાં આવે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં યુનિવર્સિટીની કામગીરી અને સ્ટાફમાં ઘણો વધારો થયેલ છે. વધુમાં વિવિધ પ્રકારના ટેક્ષ, જેમ કે આવકવેરા, ટી.ડી.એસ., જી.એસ.ટી. વગેરેની જોગવાઇઓનું ધ્યાન રાખવું અને તેનું પાલન કરવું મહત્વનું છે. આ સંજોગોમાં હાલમાં યુનિવર્સિટી ખાતે યોગ્ય લાયકાત અને અનુભવ ધરાવતા એકાઉન્ટ ઓફીસર ઉપલબ્ધ ન હોઇ આગામી સમયમાં યુનિવર્સિટીની નાણાકીય બાબતોને ધ્યાન રાખવા માટે અને નાણાકીય પ્રક્રિયાઓને નિયમાનુસાર હાથ ધરાવ અને યોગ્ય રીતે રેકોર્ડ કીપીંગ માટે યુનિવર્સિટી ખાતે આંતરિક ઓડીટર અને ફાઇનાન્સલ કન્સલ્ટન્ટની નિમણૂંક કરવી, એમ નકકી કરવામાં આવ્યુ.

આ સંદર્ભમાં કમીટી સભ્યો પાસેથી આંતરિક ઓડીટર તરીકે નિમણૂંક હેતુ નીચેના તજજ્ઞોના બાયોડેટા મળેલ છે.

૧. કેયુર પટેલ
૨. શીતીન શાહ
૩. ગૌરવ ખાંડવાલા
૪. અગમ શાહ

એજ રીતે, કમીટી સભ્યો પાસેથી ફાઇનાન્સલ કન્સલ્ટન્ટ તરીકે નિમણૂંક હેતુ નીચેના તજજ્ઞોના બાયોડેટા મળેલ છે.

૧. ધવલ પટેલ
૨. જય ઠક્કર
૩. ફૃત પટેલ

આવેલ તમામ બાયોડેટાનો અભ્યાસ કર્યા બાદ ચર્ચા-વિચારણાના અંતે આંતરિક ઓડીટર તરીકે શીતીન શાહ અને ફાઇનાન્સલ કન્સલ્ટન્ટ તરીકે ફૃત પટેલની નિમણૂંક કરવી, એમ નકકી કરવામાં આવ્યુ.



Scanned with CamScanner

સર્વે સભ્યોશ્રીઓના આભાર સાથે બેઠક સમાપ્ત જાહેર કરવામાં આવી.

ડૉ. એમ. ડી. મકવાણા

ડૉ. શીતલ હેલૈયા

શ્રી યમલ વ્યાસ

શ્રી જૈનીક વકીલ

ડૉ. હર્ષદ પટેલ



Scanned with CamScanner